# પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અમદાવાદ

**વિભાગ અંગે (About the Department) :** સંક્ષિપ્ત

પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગની શરૂઆત ૧૯૯૧માં થઇ. એ વર્ષ મહાન પત્રકાર અને ગાંધીજીના અત્યંત પ્રિય મહાદેવ દેસાઈની જન્મ શતાબ્દીનું વર્ષ હતું. મહાદેવ દેસાઈની સ્મૃતિ અને કાર્યને સૌની સ્મૃતિમાં રાખવા તા. ૧૫ ઓગસ્ટ ૧૯૯૧ના રોજ વિભાગની વિધિવત શરૂઆત થઇ અને એ પરંપરા આજ સુધી નિરંતર અને સફળતાપૂર્વક ચાલી રહી છે. વિભાગમાં એમ.એ., એમ.ફિલ, અને પીએચ.ડીના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે અને સંશોધન તથા વિસ્તરણ કાર્યને કેન્દ્રસ્થાને રાખીને વિવિધ કાર્યો કરવામાં આવે છે.

**વિઝન, મિશન અને હેતુઓ: (Vision, Mission and Objectives)**

વિભાગનું **વિઝન** પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયનના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને તાલીમ આપીને તેમનામાં કૌશલ્યનો વિકાસ કરીને સમાજને સક્ષમ અને  અભ્યાસુ અધ્યાપક, વક્તા, પત્રકાર, ચેનલ રિપોર્ટર, અનુવાદક, ચેનલ વ્યવસ્થાપક, જાહેરખબર એજન્સી અધિકારી, પીઆરઓ, રેડિયો-જોકી, ફિલ્મ-લેખક, દિગ્દર્શક અને સ્વતંત્ર રોજગાર કરનાર અને રોજગાર આપનાર તથા માધ્યમ સમીક્ષક આપવાનું છે.

આવા અમર્યાદિત અને અમાપ ક્ષેત્રમાં રોજગારી માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા અને તેમને રોજગાર મેળવી શકે અને આપી શકે તે માટે સક્ષમ બનાવવા એ વિભાગનું **મિશન** છે.

**મુખ્ય વિશેષતાઓ:-**

- આ એક  વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ છે. સ્વરોજગારી માટે પણ વિદ્યાર્થીઓને તૈયાર કરે છે.
- ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના શિક્ષણ અને શુદ્ધિ પર ભાર મુકવામાં આવે છે. ભાષા શુદ્ધિ અને ઉચ્ચારણોની શુદ્ધતા કેળવાય તે માટે તાલીમ આપવામાં આવે છે.
- અનુવાદ શીખવા ઉપર ભાર મુકવામાં આવે છે અને માતૃભાષા ઉપરાંત અન્ય કોઈ એક ભાષા સારી રીતે આવડવી જોઈએ તે માટે પણ વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવે છે. માધ્યમોનું તુલનાત્મક અધ્યયન અને કામગીરી શીખવામાં આવે છે..
- નાટક, ગરબા, સંગીત અને અન્ય અનેક  ઈતર પ્રવૃતિઓમાં જોડવા અને સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે તેમને તેયાર કરવામાં આવે છે અને તેમની પાછળ વ્યક્તિગત મહેનત કરવામાં આવે છે.

- વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, એન એસ એસ ની પ્રવૃતિઓમાં સક્રિય રહેવા અંતે પ્રેરિત કરાય છે.
- દર વર્ષે પદયાત્રાનું આયોજન

**શૈક્ષણિક કાર્યક્રમ (Academic Programmes) :**વિભાગના શૈક્ષણિક કાર્યક્રમો આ મુજબ છે. એમ.એ (પત્રકારત્વ), ચાર સત્ર નો અભ્યાસક્રમ, અનુ પારંગત (પત્રકારત્વ), પીએચ. ડી (પત્રકારત્વ) અન્ય વિભાગના વિદ્યાર્થીઓ માટે સમૂહ માધ્યમોનો પરિચય અને સમૂહ માધ્યમો માટે લેખન એમ બે અભ્યાસક્રમો (૨ ક્રેડીટ) પણ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.

**શૈક્ષણિક કાર્ય પદ્ધતિ:-**

વિદ્યાપીઠની પ્રણાલી મુજબ વર્ગકાર્ય, વિસ્તરણ અને સંશોધન પદ્ધતિના સમન્વયથી શૈક્ષણિક કાર્ય કરવામાં આવે છે.યુ.જી.સી.ની અભ્યાસક્રમ પેનલ દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. કુલ ચાર સત્રમાં ૧૬ પ્રશ્નપત્રો અને બંને વર્ષમાં ૧-૧ મહિનાની ઇન્ટર્નશિપ કરાવવામાં આવે છે. વર્ગકાર્ય ઉપરાંત સ્વાધ્યાય અને પરિસંવાદ પણ શૈક્ષણિક કાર્યનો ભાગ છે.

**પરીક્ષણ:**

દરેક સત્રમાં દરેક વિષયની બે આંતરિક કસોટી, ૧ સ્વાધ્યાય અને ૧ પરિસંવાદથી વિદ્યાર્થીના આંતરિક ગુણ તૈયાર થાય છે. તેમાં ૬૦ ગુણની બાહ્ય કસોટીના ગુણ ઉમેરીને તેનું પરિણામ તૈયાર થાય છે.

**રોજગારી:-**

વિભાગના વિદ્યાર્થીઓ પ્રિન્ટીંગ પ્રેસના, અખબારોના અને સામયિકોના માલિક છે. તેમના પોતાના રેકોર્ડીંગ સ્ટુડિયો પણ છે. વિભાગના વિદ્યાર્થીઓ દેશની અને રાજ્યની અનેક જાણીતી ચેનલોના રિપોર્ટર, એડિટર, ચેનલ હેડ, કોપી રાઈટર, કોપી એડિટર અને અન્ય અનેક પદ પર કાર્યરત છે.

લેખક, અનુવાદક અને વિવિધ સામયિકોના તંત્રી તરીકે પણ વિભાગના વિદ્યાર્થીઓ કાર્યરત છે. વિભાગમાં રોજગારી મળવાની ટકાવારી **100% છે.**


**ડો. પુનિતા હર્ણે**

ડીન, વ્યવસાયી અભ્યાસક્રમ વિદ્યાશાખા

અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ,

ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ અમદાવાદ.


**For more information:**


**ડો. પુનિતા હર્ણે ૯૪૨૭૩૧૭૯૭૧, ડો. અશ્વિન ચૌહાણ ૯૬૩૮૯૮૧૫૧૧, ડો. વિનોદ પાંડેય ૮૩૨૦૮૪૩૧૮૪**